# અરવલ્લીમાં દોઢ મહિનાથી કોરોના કાબુમાં, મચ્છરજન્ય રોગચાળો પૂરબહારમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

અરવલ્લી જિલ્લામાં છેલ્લા દોઢ મહિનાથી કોરોના ઉપર અંકુશ આવ્યો છે પરંતુ વરસાદ થંભી ગયા પછી ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં મચ્છરોનો ઉપદ્રવ બેકાબુ બનતાં પ્રજા ડેન્ગ્યુ, મેલેરીયા સહિતના રોગચાળામાં સપડાઈ રહી છે. હોસ્પિટલોમાં સારવાર લેવા માટે આવતા દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવતાં કોરોના કાબુમાં પણ મચ્છરજન્ય રોગચાળો પૂરબહારમાં હોય તેવું લાગી રહ્યું છે.

## ડેન્ગ્યુ, મેલેરીયાના કેસથી આરોગ્ય તંત્રની ચિંતામાં વધારો

જિલ્લામાં ચોમાસાના આરંભે મચ્છરજન્ય રોગચાળો તેમજ અન્ય વાહકજન્ય રોગ નિયંત્રણમાં રહે તે માટે દવા છંટકાવ સહિતના કામો હાથ ધરવામાં આવ્યા. શરૂઆતમાં તંત્રએ ડેન્ગ્યુ, મેલેરીયાનું કોઈ જાખમ હાલ નથી તેવું માની લીધું જેમાં એકમાત્ર કોરોના ઉપર આરોગ્ય તંત્રએ ધ્યાન કેન્દ્રીત કરી કામગીરી કરી પરંતુ હવે ચોમાસા દરમ્યાન મચ્છરજન્ય રોગચાળાએ ચિંતા વધારી છે. જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં એક પછી એક ડેન્ગ્યુ તેમજ મેલેરીયાના કેસ બહાર આવી રહ્યા છે. આરોગ્ય વિભાગ હજુ પણ મચ્છરજન્ય રોગચાળો કાબુમાં હોવાના દાવા કરી રહ્યું છે પરંતુ જે રીતે જિલ્લામાં ડેન્ગ્યુ, મેલેરીયાના કેસ સતત વધી રહ્યા છે તે જોતાં આગામી સમયમાં મચ્છરજન્ય રોગચાળો તંત્રની પરીક્ષા લેશે તે નક્કી બન્યું છે. દોઢ મહિનાથી કોરોનાનું સંક્રમણ અંકુશમાં આવતાં આરોગ્ય તંત્ર હરખાયું જરૂર પરંતુ હવે વાયરલ બિમારીઓનું વાવાઝોડું ફૂંકાતાં ખાનગી હોસ્પિટલો તાવના દર્દીઓથી ઉભરાવવા લાગી છે. ગ્રામ્ય વિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પણ તાવથી પીડાતા દર્દીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.

# એક ખાખી દારૂડીયાઓને છાવરે, બીજી ખાખી દારૂ ઢીંચે..!!

## મોડાસા બસ મથકમાં પીધેલા એસ.ટી. ડ્રાઈવરના કારણે હોબાળો મચ્યો : ૩૫ મુસાફરોના શ્વાસ અદ્ધર થયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

મોડાસા બસ મથકમાં સુરત જતીના ડ્રાઈવરે નશો કરી મુસાફરોના જીવ જોખમમાં મૂકતાં હલચલ મચી હતી. નશામાં ધૂત ડ્રાઈવરની મોડાસા ટાઉન પોલીસે અટકાયત કરી હતી જેના કારણે મુસાફરો બસ મથકમાં અટવાઈ પડ્યા હતા. એક ખાખી દારૂડીયાઓને છાવરે અને બીજી ખાખી દારૂ ઢીંચે..જેના કારણે પ્રજા અને મુસાફરોને જાયેં તો કહાં જાયે..જેવી સ્થિતિ આવી પડી છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર દારૂ ઢીંચનારા વ્યસનીઓને જ્યાં પગ મૂકે ત્યાં ક્યાં દારૂનું વેચાણ થાય છે તેની માહિતી મળી જતી હોય છે. અનેક પોલીસ કર્મીઓના દારૂ ઢીંચેલા વિડીયો વાયરલ થયા પછી યોગ્ય શિક્ષાત્મક કાર્યવાહી થતી ન હોવાથી તેમાં કોઈ જાજો સુધાર જોવા મળતો નથી. કેટલાક પોલીસ કર્મચારીઓની જેમ એસ.ટી. બસના કર્મચારીઓ પણ દારૂ ઢીંચીને ડોલતા જોવા મળતા હોય છે. પરંતુ ક્યાંક ને ક્યાંક ખાખી વર્દીને બીજી ખાખીની બે આંખની શરમના કારણે ઉંણી આંચ આવતી નથી પરંતુ એસ.ટી. બસનો ડ્રાઈવર પીધા પછી વાહન હંકારે તો નિર્દોષ મુસાફરોના જીવ જોખમમાં મૂકાય છે. નાથદ્વારા-સુરત એસ.ટી. બસનો ડ્રાઈવર નશામાં ધૂત હોવાનું જણાતાં મુસાફરોએ બસ થોભાવી દીધી હતી અને કંટ્રોલરૂમને જાણ કરી હતી. જેથી એસ.ટી.ના ઉચ્ચ અધિકારીઓએ આ બાબતને ગંભીરતાપૂર્વક લઈ મોડાસા ટાઉન પોલીસને જાણ કરતાં પોલીસ દોડી પહોંચી હતી. નશામય ડ્રાઈવરની સામે ધોરણસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# રણુંજાનો વિશ્વ વિખ્યાત મેળો રદ કરાતાં ભક્તો નિરાશ

## કોરોનાની સંભવિત ત્રીજી લહેરના કારણે મેળો મોકુફ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

રાજસ્થાનના પ્રસિદ્ધ વિશ્વ વિખ્યાત રણુંજાનો મેળો રદ કરવામાં આવતાં સાબરકાંઠા, પરંતુ આ વખતે કોરોનાની સંભવિત ત્રીજી લહેરને ધ્યાનમાં રાખી મેળો મોકુફ રાખવાનો નિર્ણય કરાયો છે. રાજસ્થાન સરકારે મેળો રદ કરવા તહેવારોનો આનંદ ફિક્કો પડી રહ્યો છે. સરકારે કોવિડ-૧૯ ગાઈડલાઈન મુજબ ધાર્મિક તહેવારો ઉજવવાની છૂટ આપી



અરવલ્લી જિલ્લાના હજારો રામદેવ ભક્તો નિરાશ થયા છે. ભાદરવા માસમાં જય બાબારી સાથે અસંખ્ય સંઘો પગપાળા રણુંજા પહોંચી મેળો મહાલતા હોય છે નિર્ણય લીધો પરંતુ જિલ્લાના માર્ગો ઉપર રણુંજા જતા પદયાત્રીઓની સંખ્યા સતત વધી રહી છે.

કોરોનાની મહામારીના કારણે ધાર્મિક ઉત્સવો અને પરંતુ સિમિત સંખ્યાના કારણે આનંદ ઓસરી રહ્યો છે. અંબાજીમાં ભાદરવી પુનમનો મહામેળો યોજવા અંગે હજી સરકારે કશી ચોખવટ કરી નથી છતાં અનેક પદયાત્રીઓએ અંબાજી તરફ પગ ઉપાડ્યા છે તે જ રીતે રાજસ્થાનના રણુંજા ખાતે ભાદરવા મહિનામાં વિશ્વ વિખ્યાત રામદેવ મેળો યોજાતો હોય છે જેમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અસંખ્ય રામદેવ ભક્તો મેળામાં હાજર રહેતા હોય છે. કળીયુગમાં સાક્ષાત દેવ ગણાતા રામદેવજીના દર્શન સાથે મેળાનું આગવું મહત્વ હોવાના કારણે અસંખ્ય શ્રદ્ધાળુઓ મેળામાં ઉપસ્થિત રહેતા હોય છે પરંતુ આ વખતે સ્થાનિક પ્રશાસન દ્વારા જનઆરોગ્યને ધ્યાનમાં રાખી મેળો મોકૂફ કર્યો છે જેથી બંન્ને જિલ્લામાં ભક્તોમાં નિરાશા સોંપડી છે. દર વર્ષે અંદાજીત ૨૦૦૦ થી પણ વધુ શ્રદ્ધાળુઓ રણુંજા ખાતે યોજાતા મેળામાં રવાના થતા હોય છે પરંતુ તા.૭-૯-૨૦૨૧ થી તા.૧૭-૯-૨૦૨૧ સુધી આયોજીત મેળો હવે બંધ રાખવા નિર્ણય કરવામાં આવ્યો છે.

## અરવલ્લી : સાઠંબા પોલીસે સફારી સ્ટ્રોમમાંથી ૧.૯૪ લાખ અને ભંગાર લોડીંગ રીક્ષાના ગુપ્ત ખાનામાંથી ૩૯૭ બોટલ દારૂ ઝડપ્યો

ગુજરાતમાં દારૂ બંધી હોવા છતા રોજે-રોજ રાજ્યમાં દારૂ ઘુસાડવાનું ષડયંત્ર રચાતુ જ રહે છે. બુટલેગરો દર વખતે કોઈ નવો કીમિયો અજમાવી રાજ્યમાં દારૂ ઘુસાડવાનો પ્રયત્ન કરતા રહે છે, જ્યારે બીજી બાજુ પોલીસ પણ બુટલેગરોના ઈરાદા પર પાણી ફેરવવા માટે સઘન ચેકિંગ સાથે બાતમીદારોનું નેટવર્ક મજબુત રાખી વિદેશી દારૂની હેરાફેરીને નિષ્ફળ બનાવી રહી છે. સાઠંબા પીએસઆઈ તરીકે એમ.ડી. ગઢવીએ ચાર્જ સાંભળતાની સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી અસામાજીક પ્રવૃત્તિઓ સામે લાલ આંખ કરી છે સતત તેમના વિસ્તારમાં પેટ્રોલીંગ કરી વિદેશી દારૂની હેરાફેરી કરતા બુટલેગરોને ઝડપી પાડવા દોડાદોડી કરી રહ્યા છે સાઠંબા પોલીસે બે જુદા-જુદા વાહનોમાંથી ૨.૫૦ લાખથી વધુનો દારૂ ઝડપી પાડવામાં સફળ રહી હતી.

# જિલ્લામાં હવે સી.એન.જી. વાહન હંકારવું પણ મોંઘુ બન્યું

## સી.એન.જી. ગેસના ભાવમાં કીલોએ રૂા.૨ નો વધારો : પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાથી સી.એન.જી. તરફ વળેલા વાહનચાલકોને ઝટકો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

પેટ્રોલ-ડીઝલના ભાવમાં સતત થઈ રહેલા વધારાથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૫૦૦૦થી પણ વધુ વાહન ચાલકોએ વાહનમાં સી.એન.જી. ગેસ કીટ ફીટ કરાવી ઓછા ખર્ચે મુસાફરી કરવાનો જુગાર ખેલ્યો પરંતુ હવે સી.એન.જી. ગેસના ભાવમાં કીલો દીઠ રૂા.૨ નો વધારો થયો છે. સી.એન.જી. તરફ વળેલા વાહન ચાલકોને ઈંધણના ભાવ વધારા વચ્ચે ઝટકો મળ્યો છે જેમાં સી.એન.જી. ગેસનો કીલો દીઠ ભાવ રૂા.૫૪ ની સપાટીને વટાવી જતાં વાહન ચાલકો માટે જાયે તો જાયેં કહાં જેવી સ્થિતિ પેદા થઈ છે.

વાહન ચાલકો માટે દૂધના દાઝ્યા હવે છાશ પણ ફૂંકીને પીવી પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. જિલ્લામાં છેલ્લા ૨ વર્ષથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં અસહ્ય ભાવ વધારો થતાં તેના વિકલ્પ રૂપે અસંખ્ય વાહન ચાલકોએ પોતાના વાહનોમાં સી.એન.જી. ગેસ કીટ




ફીટ કરાવી મુસાફરી સસ્તી બનાવવાનો પ્રયાસ કર્યો પરંતુ હવે સી.એન.જી. ગેસના ભાવમાં પણ ક્રમશઃ વધારો થવા લાગ્યો છે. ગેસ કંપની દ્વારા તાજેતરમાં કીલો દીઠ ગેસના ભાવમાં રૂા.૨ નો વધારો કરવામાં આવ્યો છે જેથી પૈસા ખર્ચીને વાહનોને સી.એન.જી. ગેસમાં કનવર્ડ કરનારા વાહન ચાલકોને ઝટકો લાગ્યો છે. છેલ્લા કેટલાય સમયથી ઈંધણના ભાવ વધી રહ્યા છે જેના કારણે વાહનોમાં ગેસકીટ ફીટ કરાવવાનું ચલણ સતત વધી રહ્યું છે. કેટલાક કિસ્સાઓમાં તો વાહન ચાલકોએ આર.ટી.ઓ.ના નિયમને નેવે મૂકી વાહનોમાં ગેસ કીટ ફીટ કરાવી પરંતુ હવે સી.એન.જી.ના ભાવમાં પણ વધારો થવા લાગ્યો છે. ટૂંકમાં ઈંધણના ભડકે બળતા ભાવ વચ્ચે વાહન ચાલકોએ સી.એન.જી.નો વિકલ્પ શોધ્યો હતો તે પણ હવે મોંઘો પડી રહ્યો છે.

## અરવલ્લી જિલ્લા ભાજપના કાર્યકરોમાં ખુશાલી

# એડવોકેટ જીજ્ઞેશ પટેલની કર્ણાવતી શહેર લીગલ સેલમાં પ્રદેશ સભ્ય તરીકે વરણી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

જાણીતા યુવા એડવોકેટ જીજ્ઞેશભાઈ વિનુભાઈ પટેલ(વાસણીરેલ, તા.બાયડ)ની ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા પ્રદેશવિધિ(લીગલ) સેલના પ્રદેશ સદસ્ય તરીકે કર્ણાવતી મહાનગરમાં નિયુક્તિ થતાં અરવલ્લી જિલ્લા ભાજપના કાર્યકરોમાં ખુશાલી છવાઈ છે.

સતત લોકોની મદદ માટે તત્પર અતિગરીબ અને સંજોગોનો શિકાર બન્યા હોય તેવા લોકો માટે મફત કેસ લડીને અનેક લોકોના હૃદયમાં આગવું સ્થાન ઉભું કરનાર બાયડ તાલુકાના યુવાન એડવોકેટ જીજ્ઞેશ પટેલે પોતાની સારી



કામગીરીથી અમદાવાદ (કર્ણાવતી) શહેરમાં આગવી ઓળખ ઉભી કરી છે.

ભાજપના યુવા સંગઠનને મજબૂત બનાવવામાં તેમનો સિંહફાળો રહ્યો છે. ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ દ્વારા તાજેતરમાં રાજ્યના ૧૮ જિલ્લા-મહાનગરોના લીગલ સેલના સદસ્યોની જાહેરાત કરવામાં આવી જેમાં મૂળ બાયડના વતની જીજ્ઞેશ વિનુભાઈ પટેલની કર્ણાવતી મહાનગરના પ્રદેશ સદસ્ય તરીકે વરણી કરાતાં સમગ્ર જિલ્લાના ભાજપના આગેવાનો, કાર્યકરો, પદાધિકારીઓ વગેરેએ તેમને અભિનંદન આપ્યા હતા.

## જુનાડીસા નજીકથી ૬૦૦ લીટર દેશી દારૂ ઝડપાયો

પી.એસ.આઈ. બી.જે.ચાવડા સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા-ફરતા ડીસા તાલુકાના જુના ડીસા ગામે ઢુવા ત્રણ રસ્તા ખાતે કનુજી ગોવિંદજી સોલંકી (ઠાકોર) (રહે. માઢ પાર્ટી, અઘાર, તા.સરસ્વતી, જિલ્લો-પાટણ)ના કબ્જાની ઈકો ગાડી (નં. જીજે ૦૧- આર એલ- ૦૩૨૫)માંથી દેશી દારૂના કટ્ટા નંગ-૧૨ જે એક કટ્ટામાં બે-બે લિટરના દેશી દારૂની પ્લાસ્ટીકની થેલીઓ નંગ- ૨૫ એમ કુલ દેશ દારૂ લિટર-૬૦૦ (કિં.૧૨૦૦૦/-), ગાડી (રૂ.૨,૦૦,૦૦૦) એમ કુલ રૂા. ૨,૧૨,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરેલ.

# ઉત્તર ગુજરાતના ૪૫ ટકા તાલુકામાં વાગતાં દુકાળનાં ડાકલાં

## ધોધમાર વરસાદ નહીં વરસે તો મૂંગા પશુઓ સાથે હીજરત કરવા જેવી સ્થિતિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

ઉત્તર ગુજરાતમાં વરસાદ ધાર્યા કરતાં વધુ ખેંચાયો છે. પશુપાલકોને હીજરત કરવી પડે તેવી સ્થિતિ પેદા થવા જઈ રહી છે. આકાશમાં વાદળો ગોરંભાય



હવામાન વિભાગની એક પછી એક આગાહીઓ છતાં ક્યાંય સંતોષકારક વરસાદ નોંધાયો ન હોવાના કારણે ૫ જિલ્લાના ૪૫ ટકા તાલુકાઓમાં દુષ્કાળનાં ડાકલાં વાગી રહ્યાં છે. ધોધમાર વરસાદ નહીં વરસે તો મૂંગા પશુધન સાથે છે પરંતુ વરસાદ વરસતો નથી જેથી ખરીફ ખેચી નિષ્ફળ જવાની ચિંતા સાથે પીવાના પાણીની વિકટ સમસ્યાએ ફેણ માંડ્યું છે.

ખેડૂતો, પ્રજા અને વેપારીઓ વરસાદની આતૂરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે પરંતુ ઉત્તર ગુજરાતમાં ધરતીનો ધણી મેહૂલીયો જાણે કે રીસાયો હોય તેવું લાગી રહ્યું છે. આકાશમાં વાદળોની છે પરંતુ ક્યાંય તેનું નામ નિશાન જોવા મળતું નથી. માત્ર વરસાદી ફોરાંથી સંતોષ માનવો પડ્યો છે. છે. ઉત્તર ગુજરાતના ૪૫ ટકા તાલુકાઓમાં અપૂરતો વરસાદ વરસ્યો છે. હજુ પણ મોટાભાગના તાલુકાઓ

### બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ વિકટ સ્થિતિ..

વરસાદ ખેંચાયો છે, ઉત્તર ગુજરાતમાં ખરીફ વાવેતર નિષ્ફળ જાય તેવો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે. ધોધમાર વરસાદ વરસવાના બદલે આકાશમાંથી લમણા શેકી નાખે તેવો ૩૪ ડિગ્રી તાપના અગન ગોળા વછૂટી રહ્યા છે ત્યારે ૧૦ ઈંચથી ઓછો વરસાદ હોય તેવા તાલુકા ૩૧ ઓગષ્ટ સુધીમાં દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા પડે તેવી સ્થિતિ છે.

ઉત્તર ગુજરાતમાં ૧૦ ઈંચથી ઓછો વરસાદ છે તેવા તાલુકાઓમાં ચાણસ્મા, હારીજ, સમી, સાંતલપુર, શંખેશ્વર, ભાભર, દાંતીવાડા, દિયોદર, ધાનેરા, કાંકરેજ, લાખણી, સૂઈગામ, થરાદ, વાવ, ખેરાલું, સતલાસણા, વિસનગર, ખેડબ્રહ્મા, ભિલોડા, ધનસુરા, માલપુર, મેઘરજ અને બાયડ તાલુકા આવી શકે છે.

દોડાદોડી જોઈ હમણાં ધોધમાર વરસાદ તૂટી પડશે તેવો માહોલ જોવા મળે છે પરંતુ ઘડીકવારમાં વાદળો અન્ય સ્થળે સરકી જતાં હોય છે. છેલ્લા કેટલાક દિવસથી હવામાન વિભાગ ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં મધ્યમ વરસાદની આગાહીઓ કરી રહ્યું વરસાદના અભાવે જળાશયોનાં તળીયાં દેખાયાં છે.

જ્યારે અગાઉથી જ નદી, તળાવ અને ચેકડેમ સૂકાભઠ્ઠ હોવાના કારણે હવે દુષ્કાળની દહેશત વ્યક્ત થઈ રહી છે. પીવાના પાણી તેમજ ઘાસચારાની કપરી સ્થિતિ ઉભી થવાના અણસાર ભરચોમાસે તરસ્યા જેવો ઘાટ જોવા મળી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા વરસાદની અછતને ધ્યાનમાં રાખી પીવાના પાણી તેમજ ઘાસચારાની સ્થિતિની સમીક્ષા કરી યોગ્ય આગોતરૂ આયોજન ગોઠવવામાં નહીં આવે તો સ્થિતિ વધુ દારૂણ બનવાના સંકેત મળી રહ્યા છે.

# આંજણા (ચૌધરી) પટેલ સમાજ દ્વારા ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન

## ગાંભોઈ નજીકના કરણપુર પાટીયા પાસે સમાજ દ્વારા સંપાદિત જમીનમાં યજ્ઞનું આયોજન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

આંજણા(ચૌધરી) પટેલ સમાજ સેવા મંડળ સાબરકાંઠા, અરવલ્લી દ્વારા તા.૨ સપ્ટેમ્બર સવારે ૮-૦૦ કલાકે ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું સમાજ દ્વારા સંપાદિત જમીન કરણપુર પાટીયા(નેશનલ હાઈવે નંબર-૮, ગાંભોઈ) નજીક આયોજન કરાયું છે. ચૌધરી સમાજ ભાવિપેઢી આધ્યાત્મિક તથા ભૌતિક ક્ષેત્રે દેશમાં મહાન શિખરસર કરે તે ઉદ્દેશ્ય માટે નિર્માણધીન થનાર ભવન મોટું કેન્દ્ર બને તે આશયથી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરાયું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના ૧૪ તાલુકાઓમાં વસતા આંજણા ચૌધરી સમાજ દ્વારા સમાજના સંતાનો સારૂ શિક્ષણ મેળવે, ઉચ્ચ અધિકારી બને તેવા ઉદ્દેશ્યથી ગામે ગામના સમાજના બાંધવોએ ભેગા મળી વિશાળ શૈક્ષણિક સંકુલ ઉભું કરવાનો ભિલોડાની ધરતી ઉપર બેસીને સંકલ્પ કર્યો હતો ત્યારબાદ તબક્કાવાર વિવિધ વિસ્તારોમાં બેઠકો યોજાઈ અને મળેલા દાનથી કરણપુર પાટીયા પાસે નેશનલ હાઈવે ટચ જમીન લેવામાં આવી છે. જેની એન.એ. કરવાની કાર્યવાહી ચાલી રહી છે. કોરોનાના કારણે કામગીરીમાં થોડો વિલંબ થયો હતો પરંતુ હવે સંક્રમણ ઘટતાં સંકુલ નિર્માણ માટેની પ્રારંભની તમામ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેથી સમાજ સેવા મંડળ દ્વારા તા.૨ સપ્ટેમ્બરે ૧૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં એક કુંડ મુખ્ય હશે જેમાં ૩ કપલ બેસી શકશે. જેના કપલ દીઠ રૂા.૧૧,૦૦૦ અને અન્ય કુંડ ઉપર ૩ કપલ બેશસે જેના કપલ દીઠ રૂા.૨૦૦ આપીને યજ્ઞમાં ભાગ લઈ શકશે. યજ્ઞમાં બેસવા ઈચ્છતા સમાજના બાંધવોએ પોતાના વિસ્તારના નિયુક્ત કરેલા પ્રતિનિધિને નામ લખાવી દેવા જણાવાયું છે. યજ્ઞમાં બેસનાર કપલે આસન, થાળી, વાટકી, ચમચી, ડીશ સાથે લાવવાની રહેશે અને ધોતી અવશ્ય પહેરવા માટે જણાવવામાં આવ્યું છે. ગાયત્રી યજ્ઞ ડાૅ.એ. એમ. પટેલ શાસ્ત્રી દ્વારા કરાવવામાં આવશે.

# હતાશ થયેલા વાલીઓ સરકારના નિર્ણયથી હરખાયા

## સાબરકાંઠા, અરવલ્લીમાં ધો.૬ થી ૮ ની શાળાઓમાં શિક્ષણ શરૂ થશે

### પ્રાથમિક શાળાઓમાં લર્નિંગ લોસ વધ્યો

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં લાંબા સમયથી શિક્ષણ કાર્ય બંધ છે. વિદ્યાર્થીઓનો લખવાનો મહાવરો લગભગ ભૂલાયો છે. ધો.૧-૨ માં અભ્યાસ કરતા બાળકો શાળામાં આવ્યા જ નથી જેથી તેમનો પાયો કાચો છે. સરકાર દ્વારા આવતા સપ્તાહથી ધો.૬ થી ૮ ની શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લીધો પરંતુ લર્નિંગ લોસ વધુ પ્રમાણમાં હોવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે ત્યારે સરકારે ભલે શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લીધો પરંતુ ધો.૬ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અગાઉના ધોરણનો અભ્યાસક્રમ કરાવવો જોઈએ જેથી તેમની શૈક્ષણિક લોસ ઘટાડી શકાય.

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

રાજ્ય સરકાર દ્વારા ધો.૬ થી ૮ ના વર્ગોમાં આગામી તા.૨ સપ્ટેમ્બર-૨૦૨૧થી વર્ગખંડ શિક્ષણ કાર્ય ભૌતિકરૂપે શરૂ કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોના કાળ દરમ્યાન હતાશ થયેલા વાલીઓ આ નિર્ણયથી હરખાયા છે. ઓનલાઈન શિક્ષણમાં જિલ્લાના અંતરીયાળ વિસ્તારોમાં નેટવર્કના ધાંધિયા હોવાથી અસંખ્ય વિદ્યાર્થીઓ અટવાયા હતા પરંતુ વર્ગખંડમાં જ શિક્ષકો દ્વારા પ્રત્યક્ષ શિક્ષણ આપવાની શરૂઆત થશે જેના કારણે વિદ્યાર્થીઓ પણ ઉત્સુક જણાઈ રહ્યા છે.

કોરોના કાળમાં વર્ગખંડમાં શિક્ષણ બંધ કરવામાં આવ્યું તે પછી ઓનલાઈન શિક્ષણ અંગે તેના સારા-નરસા પાસાંની શિક્ષણવિદોએ અનેક ચર્ચાઓ છેડી હતી જેમાં કેટલાક કિસ્સાઓમાં ઓનલાઈન શિક્ષણ ફાયદારૂપ ગણવામાં આવ્યું પરંતુ વર્ગખંડમાં જે રીતે પ્રત્યક્ષ શિક્ષણ સીધું બાળક હોંસલ કરે છે તેના બદલે ઓનલાઈન શિક્ષણમાં વિદ્યાર્થીઓને કશી જ ગતા ગમ પડતી ન હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. કોરોનાનો ક્રૂરપંજો ફેલાયો હોવાના કારણે રાજ્યના શિક્ષણ વિભાગની ગણા લાંબા સમય સુધી વર્ગખંડમાં શિક્ષણ બંધ રાખવું પડ્યું. હવે જ્યારે સંક્રમણ ઘટ્યું છે ત્યારે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સરકારી અને ખાનગી શાળાઓમાં ધો.૬ થી ૮ નું વર્ગખંડ શિક્ષણ શરૂ કરવા માટેની જાહેરાત માત્રથી વાલીઓ-વિદ્યાર્થીઓ અને શિક્ષકો હરખાઈ ઉઠ્યા છે. તા.૨ સપ્ટેમ્બરથી શાળાઓમાં રાબેતા મુજબ શિક્ષણ કાર્ય શરૂ થવાનું છે. બંન્ને જિલ્લાની ૨૫૦૦ થી વધુ શાળાઓ ટૂંક સમયમાં જ વિદ્યાર્થીઓના કોલાહોલથી ગુંજતી થઈ જશે.